**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

**પ્રશ્નપત્ર - ૨**

**(સમય : બપોરે ૨ થી ૫)** **રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**
**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

## વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૪ (૩૫-૩૭) ૨. ૨, ૪ (૬૨, ૬૬) ૩. ૧ (૧૧૦)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગ.અં.૧૦માં નિત્ય તત્ત્વો વિશે શ્રીજીમહારાજે શું કહ્યું છે ? (૬)
જ. 'વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે.'

૨. આત્યંતિક મુક્તિ માટે મુખ્ય સાધના શું છે ? (૧૯)
જ. આત્યંતિક મુક્તિ માટે મુખ્ય સાધના તો ભગવાનને કર્તાહર્તા સમજવા એ છે.

૩. શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યનો હેતુ જણાવતાં જૂના ખરડામાં શું લખાવ્યું છે ? (૧૦૩)
જ. 'દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ, ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હું.

૪. બે પ્રકારની મુક્તિનાં નામ લખો. (૧૫૩-૧૫૪) જ. બે પ્રકારની મુક્તિનાં નામ : જીવન્મુક્તિ અને વિદેહ મુક્તિ.

૫. પ્રત્યેક પ્રધાનપુરુષના જોડલામાંથી શેની ઉત્પત્તિ થાય છે ? (૧૪૬)
જ. પ્રત્યેક પ્રધાનપુરુષના જોડલામાંથી એક એક બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. સર્વસુખમય મૂર્તિ તો ભગવાન જ છે. (૧૬) **જ. પરબ્રહ્મ : સર્વસુખસાગર (૧૬)**
૨. 'ब्रह्मविदाप्नोति परम् ।' (૯૮) **જ. પરબ્રહ્મના યથાર્થ નિશ્ચય માટે (૯૬)**
૩. ''ભગવાનને અનાદિ સાકારમૂર્તિ સમજવા એ કલ્યાણનું અસાધારણ સાધન છે.'' (૨૫)
**જ. પરબ્રહ્મને સાકાર સમજવાથી લાભ (૨૫)**
૪. પરબ્રહ્મની પ્રાપ્તિ અને એમના સાક્ષાત્કારનો કે મુક્તિનો ઉપાય પણ એ પોતે જ છે. (૧૪)
**જ. પરબ્રહ્મ : ઉપેય અને ઉપાય (૧૩)**

૫. સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું, અને કોઈ જાતનો ઉદ્વેગ આવવા દેવો નહિ. (૨૨)

**જ. દ્વન્દ્વોમાં સ્થિરતાનો ઉપાય (૨૨)**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧. અવતારવાદ (અનુક્રમણિકા પા.નં. ૧૧)**

(૧) અવતારોના પ્રાગટ્યનું પ્રયોજન (૨) સર્વે અવતારોના કારણ

(૩) અવતારવાદનું રહસ્ય (૪) અવતાર-અવતારી વચ્ચે ભેદ

**૨. જીવનું સ્વરૂપ અને તેના ગુણધર્મો (૧થી૪ લખો.) (અનુક્રમણિકા પા.નં. ૧૩)**

(૧) જીવ : દેહ-ઈન્દ્રિય-અંતઃકરણાદિકથી ભિન્ન તત્ત્વ (૨) જીવ : અજ, અજર, અમર (નિત્ય) તત્ત્વ

(૩) જીવ : જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનાશ્રય (૪) જીવ : જ્ઞાતા, કર્તા અને ભોક્તા

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ :જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ દર્શન (૪-૬)** ‘સ્વામિનારાયણ’ મહામંત્રમાં સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી છે, કે જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ધામસ્વરૂપ અક્ષરબ્રહ્મનો અવતાર છે અને નારાયણ એટલે સર્વાવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા ભગવાન સ્વામિનારાયણ(સહજાનંદ સ્વામી) છે. તેથી મૂળભૂત તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો ‘સ્વામિનારાયણ’ એટલે અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ. તેથી આ સિદ્ધાંત કે દર્શનને ‘અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ દર્શન’ પણ કહી શકાય, જેમાં અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના કરવાનો ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત સિદ્ધાંતનો સમાવેશ થઈ જાય છે. તેઓ પોતાનો આ સિદ્ધાંત સમજાવતાં કહે છે : લો. ૭ - ‘‘બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે... બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન-પુષ્પ, શ્રવણ-મનનાદિકે કરીને કરે.’’ મ. ૩ - ‘‘બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.’’ આ અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ સનાતન સિદ્ધાંતનો નિર્દેશ પ્રસ્થાનત્રયી (ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્ર)માં પણ જોવા મળે છે. જેમ કે, येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम् । જેના વડે અક્ષર કહેતાં અક્ષરબ્રહ્મ અને પુરુષ કહેતાં પરબ્રહ્મ આ બન્ને તત્ત્વોનું તત્ત્વે કરીને જ્ઞાન થાય તેને બ્રહ્મવિદ્યા કહી છે. (મુંડક ઉપનિષદ :૧/૨/૧૩) ब्रह्मविद् ब्रह्मैव भवति । ‘બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે.’ (મુંડક ઉપનિષદ : ૩/૨/૯) ब्रह्मविद् आप्नोति परम् । બ્રહ્મને જાણે છે તે પરમાત્માને પામે છે. (તૈત્તિરીયોપનિષદ : ૨/૧) किं तद् ब्रह्म? તે બ્રહ્મ શું છે ? (ગીતા : ૮/૧) अक्षरं ब्रह्म परमम्। તે પરમ તત્ત્વ અક્ષરબ્રહ્મ છે. (ગીતા : ૮/૨) कूटस्थोऽक्षर उच्यते । અક્ષરબ્રહ્મ કૂટસ્થ છે. (ગીતા : ૧૫/૧૬) उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः । ક્ષર-અક્ષર એ બન્નેથી ઉત્તમ પુરુષ તો અન્ય છે, તે પરમાત્મા કહેવાય છે. (ગીતા : ૧૫/૧૭) આ અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ તત્ત્વના યથાર્થ જ્ઞાનરૂપ બ્રહ્મવિદ્યાનું નિરૂપણ વ્યાસજી બ્રહ્મસૂત્રમાં अथातो ब्रह्मजिज्ञासा । તેથી હવે બ્રહ્મ-પરબ્રહ્મના જ્ઞાનની જિજ્ઞાસા કરવી. (બ્ર.સૂ. ૧/૧/૧)થી શરૂ કરે છે. આ રીતે પ્રસ્થાનત્રયીના અનેક સંદર્ભોમાં અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મનું તત્ત્વજ્ઞાન સ્પષ્ટ કે ગર્ભિતરૂપે રહેલું છે. ભગવાન સ્વામિનારાયણે પ્રસ્થાનત્રયીના અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મના તત્ત્વજ્ઞાનને ખૂબ જ સ્પષ્ટતાથી સમજાવીને મુક્તિમાર્ગમાં એની અનિવાર્યતા સમજાવી છે. એટલું જ નહિ, પરંતુ એમણે એ બંને સ્વરૂપોને આ લોકમાં પ્રત્યક્ષપણે સમજાવ્યાં અને ઓળખાવ્યાં છે. તેથી તાત્ત્વિક રીતે એમણે પ્રબોધેલાં દર્શનને ‘અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મ દર્શન’ કહેવામાં આવે છે. **અથવા**

૨. **પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થવો મહાકઠણ (૭૩-૭૪)** જ્યારે જ્યારે ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે ત્યારે એ જ વખતે એમનો યથાર્થ નિશ્ચય થવો મહાકઠણ છે. ભગવાન રામચંદ્રજીને કે ભગવાન શ્રીકૃષ્ણને એ વખતે યથાર્થ ઓળખનારા કેટલા ? ભાગવતમાં તો કહ્યું છે કે શ્રીકૃષ્ણને ઓળખી ન શકનારા યાદવો તો અતિશય અભાગિયા છે. (ભાગવત : ૩/૨/૮) શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં પણ કહે છે કે મને યથાર્થ કોઈ ઓળખી શકતું નથી. (ગીતા : ૭/૨૬, ૯/૨૧, ૯/૨૪) તેથી જ તો શ્રીજીમહારાજ પણ વચ.લો. ૧૮માં કહે છે, ભગવાનનો

નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે. તે નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતાં બીક લાગે છે જે, શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ? ને તેણે જે પોતાના અંગની દઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રુટી જાય, તો તે મૂળગેથી જાય; અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે છે. તે સારુ વાત કરીએ છીએ.'' શ્રીજીમહારાજ ધર્મધુરા સંભાળ્યા પછી લગભગ ૧૯ વર્ષ બાદ આ વાત કરે છે. આટઆટલાં વર્ષો સુધી મહારાજનાં અસાધારણ અને દિવ્ય વ્યક્તિત્વ તથા અલૌકિક ઐશ્વર્યને નજરે જોનારા અને અનુભવ કરનારા સંતો-ભક્તોને પણ વાત કરતાં મહારાજને બીક લાગે છે. તેથી ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દઢતા થવી એ કઠણ બાબત છે, તેનો ખ્યાલ આવે છે. એમાંય પણ શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી છે એમ સમજવું એ તો લોખંડના ચણા ચાવવા જેવું કઠણ છે. શ્રીજીમહારાજને ભગવાન માનીને તો લાખો આશ્રિતો એમનું ભજન કરતા હતા, એમની આજ્ઞા પ્રમાણે તન-મન-ધન સમર્પણ કરતા હતા. તેમ છતાં એ સૌને મહારાજનું સર્વોપરીપણું સમજવું કઠણ પડતું હતું એ હકીકત છે. કેટલાકને શાસ્ત્રની તંતીઓ નડતી હતી તો કેટલાકને લોકમર્યાદા આડી આવતી હતી. સંપ્રદાયનો ઇતિહાસ તપાસીએ તો ખ્યાલ આવે છે કે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી જેવા પરમહંસોને પણ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજવું ઘણું કઠણ પડ્યું છે. ઘણા સમય પછી એમને મહારાજનું યથાર્થ સ્વરૂપ ઓળખાયું હોય એમ લાગે છે.'' એટલે જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''એકથી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે, ને એક કેસરી સિંહ બોલે તો બધાયનાં અંતર ભેદાઈ જાય, ને હાથીના કુંભસ્થળ ફાટી જાય; તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ, પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે, ને ભજી-ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીના કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે.'' (સ્વા.વા. ૫/૧૯૮) આમ, પ્રત્યક્ષપણે મનુષ્યરૂપે સૌના નયનગોચર વિચરતા ભગવાનના સર્વોપરીપણાનો નિશ્ચય થવો મહાકઠણ છે. પૂર્વેના બલિષ્ઠ સંસ્કારો, યોગ્ય પાત્રતા અને ગુણાતીત સત્પુરુષના પ્રસંગ વગર સર્વોપરીપણાની વાતો ઝીલી શકાય તેમ નથી અને ઝીલીને પચાવી શકાય તેમ નથી.

૩. **આ લોકમાં મનુષ્ય રૂપે દિવ્ય (૯૦-૯૧)** ભગવાન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા, અનંત જીવોનું કલ્યાણ કરવા અને એકાંતિક ધર્મની સ્થાપના કરવા માટે જ્યારે મનુષ્ય રૂપે પ્રગટ થાય છે, ત્યારે તેઓ પ્રાયઃ પોતાની દિવ્યતાને છુપાવી રાખે છે. (વચ.પ્ર.૬૩, પ્ર.૭૨, પં.૪) જીવોના હિતાર્થે ભગવાને છુપાવી રાખેલા આ દિવ્યભાવને સમજી ન શકનારા કેટલાક એવું કહે છે કે ભગવાન પોતાના ધામમાં હોય ત્યારે દિવ્ય છે, પરંતુ આ લોકમાં પ્રગટ થાય ત્યારે તેઓ દિવ્ય નથી, માયિક જ છે. સામાન્ય જીવની જેમ તેમને પણ કર્મોનાં ફળ ભોગવવાં પડે છે. એવું માનનારની સમજણને નરસિંહ મહેતા એમના કીર્તનમાં જણાવે છે,

'પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈંયાના સ્વામીની લીલા, ઓલ્યા મતિયા કહે છે માયા રે.'

શ્રીજીમહારાજને આ મત માન્ય નથી. ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દિવ્યતા વિશે તેઓ કહે છે : પ્ર. ૭૧ : ''પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે.'' પં.૭ : ''તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિશે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય-તેજે યુક્ત છે, તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિશે જાણવું; તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય..... ભગવાનને વિશે જે બાળક-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે; પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે.... એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવના કલ્યાણને અર્થે ને પોતાને વિશે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિશે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિશે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિશે ને આ સ્વરૂપને વિશે લેશમાત્ર ફેર સમજતા નથી.'' આમ, ભગવાન આ લોકમાં મનુષ્ય રૂપે પ્રગટ થાય છતાં તેઓ તો નિર્દોષ ને દિવ્ય છે. તેઓ જે જે તત્ત્વો કે પદાર્થો અંગીકાર કરે તે પણ દિવ્ય થઈ જાય છે. તેમના સંબંધમાં જે કોઈ વસ્તુ, વ્યક્તિ કે

સ્થાન આવે તો તે સર્વે પણ નિર્ગુણ અને દિવ્ય બની જાય છે. (વચ.મ.૮, ૧૩) તેઓ જે જે ચરિત્રો કરે તે સર્વે પણ દિવ્ય જ છે. (વચ.પ્ર.૭૨, મ.૧૦, પં.૪) **અથવા**

૪. **અક્ષરરૂપ-બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા : ઉત્તમ નિવિકલ્પ નિશ્ચિયની સિદ્ધિ માટે અને પરબ્રહ્મની પરાભક્તિના અધિકારી થવા માટે (૯૯-૧૦૦)** શ્રીજીમહારાજે આત્યંતિક મુક્તિની સાધનામાં નીચે જણાવેલાં અનેક કારણોસર અક્ષરરૂપ થઈને જ પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના કરવાનો આદેશ આપ્યો છે.

**ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની સિદ્ધિ માટે :** શ્રીજીમહારાજે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરવાનું કહ્યું છે, કારણ કે એ નિર્વિકલ્પ નિશ્ચયથી જ પુરુષોત્તમ નારાયણના સર્વોત્કૃષ્ટ સ્વરૂપની પ્રતીતિ અને અનુભૂતિ થાય છે. આ સંપ્રદાયના સર્વે આશ્રિતો નિત્ય સાયં પ્રાર્થનામાં ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની યાચના કરે છે. 'निर्विकल्प उत्तम अति निश्चय तव घनश्याम' તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત શ્રીજીમહારાજે વચ.લો.૧૨માં સમજાવતાં કહે છે, "અષ્ટાવરણેયુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિશે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ." અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી તે જ શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ! તેથી આપણે સૌ સાયં પ્રાર્થનામાં જે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની દૃઢતા થાય એવું શ્રીજીમહારાજ પાસે માગીએ છીએ, તેથી સિદ્ધિ માટે તો મહારાજનાં વચનો પ્રમાણે અક્ષરરૂપ થવું અનિવાર્ય છે.

**પરબ્રહ્મની પરાભક્તિના અધિકારી થવા માટે :** આપણે સૌ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની નવધા ભક્તિ તો કરીએ છીએ, પરંતુ એ સાધન ભક્તિ છે. સત્પુરુષની આજ્ઞા પ્રમાણે આ ભક્તિ કરવી એ બ્રહ્મરૂપ થવાનું સાધન છે. બ્રહ્મરૂપ થયા પછી જે ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તે સાધ્ય ભક્તિ કે પરાભક્તિ છે. તેથી પરબ્રહ્મની જે યથાર્થ પરાભક્તિ છે તે કરવા માટે, અર્થાત્ તેવી ભક્તિ આપણે કરી શકીએ તેવા યોગ્ય પાત્ર થવા માટે તો બ્રહ્મરૂપ થવાની અત્યંત આવશ્યકતા છે. શ્રીજીમહારાજ વચ.લો.૭માં આ સત્ય સિદ્ધાંત સમજાવતાં કહે છે, "જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે." મહારાજ પોતાના આ મતની પુષ્ટિ માટે આ જ વચનામૃતમાં ગીતાનો શ્લોક પણ ટાંકે છે. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ જે બ્રહ્મરૂપ થયો છે, જે પ્રસન્ન મન(ચિત્ત)વાળો છે, જે કોઈનોય શોક કરતો નથી કે કોઈ પદાર્થની ઈચ્છા રાખતો નથી, અને જે સર્વ ભૂતપ્રાણી-માત્રમાં સમદૃષ્ટિવાળો છે, તે પુરુષ મારે વિશે પરાભક્તિને પામે છે. (ગીતા : ૧૮/૫૪)

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૦)**

> **નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **કાર્ય-કારણનો સિદ્ધાંત (૧૪૨-૧૪૫)** શ્રીજીમહારાજ કાર્ય-કારણના સિદ્ધાંતમાં સત્કાર્યવાદનો સિદ્ધાંત સ્વીકારે છે. સત્કાર્યવાદની દૃષ્ટિએ કાર્ય ઉત્પત્તિ પૂર્વે કારણમાં સત રૂપે વિદ્યમાન હોય જ છે. અહીં કારણ જ કાર્ય રૂપે અભિવ્યક્ત થાય છે. અહીં ઉત્પત્તિનો અર્થ આવિર્ભાવ અને પ્રલયનો અર્થ તિરોભાવ છે. સૂક્ષ્મ(કારણાવસ્થા) રૂપે કે સ્થૂળ(કાર્યાવસ્થા) રૂપે એક જ દ્રવ્ય હોય છે. કારણ અને કાર્ય અભિન્ન છે, પરંતુ કારણથી કાર્ય પૃથક્ અને ભિન્ન દ્રવ્ય નથી. કાર્ય તો કારણભૂત દ્રવ્યનું અવસ્થાન્તર જ છે. કુંભાર જ્યારે માટીમાંથી ઘડો બનાવે છે ત્યારે વસ્તુતઃ કારણરૂપ માટી જ કાર્ય એવા ઘડા રૂપે થાય છે, એટલે કે માટી નવો આકાર ધારણ કરે છે. માટીની પિંડાવસ્થા એ ઘડાની કારણવસ્થા છે, જ્યારે ઘડો એ માટીની કાર્યવસ્થા છે. તેથી અહીં કારણ અને કાર્ય અંતે તો 'માટી' જ છે. કાર્ય-કારણના આ સિદ્ધાંતને સત્કાર્યવાદ કહેવામાં આવે છે. આ સિદ્ધાંત જગતના સર્જનમાં પણ જોવા મળે છે. મૂળમાયા જગતનું મૂળભૂત કારણ છે અને સમગ્ર જગત માયાનું કાર્ય છે. સૃષ્ટિ સમયે સૂક્ષ્મ એવી મૂળમાયા જ નામરૂપાત્મક સ્થૂળ જગત રૂપે થાય છે, પરિણમે છે. તેથી અહીં કારણ અને કાર્ય બે ભિન્ન તત્ત્વો નથી પણ 'માયા', 'પ્રકૃતિ' જ છે. સમગ્ર જગત પ્રકૃતિનું પરિણામ હોવાથી કાર્યકારણના સિદ્ધાંતને 'પ્રકૃતિ-પરિણામવાદ' કહેવામાં આવે છે. શ્રીજીમહારાજના મતે પ્રકૃતિ સ્વતંત્ર તત્ત્વ નથી, પરંતુ તે પરબ્રહ્મને આધીન અને પરબ્રહ્મનું શરીરભૂત તત્ત્વ છે. પરબ્રહ્મ આ પ્રકૃતિના નિયંતા, શાસ્તા છે. તેથી પરબ્રહ્મની ઈચ્છા વગર પ્રકૃતિમાં કોઈ પ્રકારનું

પરિવર્તન કે પરિણમન શક્ય બનતું નથી. માટે શ્રીજીમહારાજની દૃષ્ટિએ કાર્યકારણના ઉપરોક્ત સિદ્ધાંતને 'પરબ્રહ્મ-પ્રશાસિત-પ્રકૃતિ-પરિણામવાદ' કહી શકાય. સામાન્ય રીતે કોઈ પણ કાર્યની ઉત્પત્તિ માટે બે પ્રકારનાં કારણો સમજવામાં આવે છે. **૧. ઉપાદાન કારણ :** જે પરિણમનશીલ દ્રવ્યમાંથી વસ્તુ બને તે દ્રવ્યને ઉપાદાન કારણ કહેવાય. જે માટીમાંથી ઘડો બને, તે માટીને ઘડાનું ઉપાદાન કારણ કહેવાય. **૨. નિમિત્ત કારણ :** જે ચેતન વ્યક્તિ ઉપાદાનભૂત દ્રવ્ય યા વસ્તુને કાર્ય રૂપે પરિવર્તિત કરે તેને નિમિત્ત કારણ કહેવાય. દા.ત. કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે, માટે કુંભારને નિમિત્ત કારણ કહેવાય. ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે 'ઘટ'(ઘડો) માટે ઉપાદાન કારણ (માટી) અને નિમિત્ત કારણ(કુંભાર) બંને જુદાં જુદાં જોવા મળે છે, પરંતુ જગતરૂપ કાર્ય માટે આ રીતે બંને કારણો તદ્દન એકબીજાથી પૃથક્ નથી. જગતના સ્ત્રષ્ટા પરબ્રહ્મ પોતાના સિવાયની બધી વસ્તુઓથી વિલક્ષણ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સત્યસંકલ્પ હોવાથી તેઓ એકસાથે બંને પ્રકારનાં કારણો બની શકે છે. પરબ્રહ્મ પોતે જ સંકલ્પ કરીને આ જગતનું સર્જન કરે છે. (વચ.પ્ર.૫૧, લો.૧૭, અમ.૭) તેથી તેઓ નિમિત્ત કારણ છે. વળી, ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ઉત્પત્તિકાળે ભગવાન જે તે તત્ત્વરૂપે થાય છે. (વચ.પ્ર.૩૩, પં.૭) તેથી તેઓ ઉપાદાન કારણ પણ છે. જોકે પરબ્રહ્મ સ્વરૂપતઃ તો નિરંશ, અચ્યુત, નિર્વિકાર અને અખંડ છે.(પં.૨) તેથી પરબ્રહ્મ સ્વરૂપતઃ જગત રૂપે થતા નથી. જો એમ જ હોય તો પછી પરબ્રહ્મના ઉપાદાન-કારણત્વનું તાત્પર્ય શું સમજવું ? તેમ જ પરબ્રહ્મ ચોવીસ તત્ત્વો તથા જગતરૂપે થાય છે તેનું તાત્પર્ય શું સમજવું ? વસ્તુતઃ પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી ચોવીસ તત્ત્વાત્મક જગત રૂપે થતા નથી, પરંતુ શરીરી એવા પરબ્રહ્મથી અપૃથકસિદ્ધ અને શરીરભૂત સૂક્ષ્મ પ્રકૃતિ જ સ્થૂળ જગત રૂપે થાય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે કારણરૂપ પ્રકૃતિ અને તેના કાર્યરૂપ જગતના શરીરી હોવાથી પરબ્રહ્મ જ જગત રૂપે થાય છે એમ કહી શકાય. તેમ છતાં પરબ્રહ્મના ચૈતન્ય સ્વરૂપમાં કોઈ પ્રકારનું પરિવર્તન કે પરિણમન થતું નથી. જેમ પંચભૂતાત્મક સ્થૂળ દેહની દૃષ્ટિએ જોતાં વ્યક્તિની બાળ, યુવા અને વૃદ્ધાવસ્થામાં જે રૂપાંતર થાય છે તે દેહમાં થાય છે, નહિ કે ત્રણેય અવસ્થામાં દેહની અંદર રહેલા શરીરી એવા જીવાત્મામાં. દેહના પરિણમનથી જીવના સ્વરૂપમાં કોઈ પ્રકારની વિકૃતિ આવતી નથી. તેમ છતાં બાળક યુવાન, વૃદ્ધ થયો એમ જે કહેવાય છે, તે જીવે ધારણ કરેલા શરીરના અનુસંધાનમાં કહેવામાં આવે છે. દેહની ત્રણેય અવસ્થામાં અનુસ્યૂતપણે એક જ અવિકારી જીવાત્માનો અનુપ્રવેશ છે. એવી જ રીતે સૃષ્ટિ કાળે પરબ્રહ્મ મહત્તત્ત્વાદિક તત્ત્વો અને જગત રૂપે થાય છે, તેનું તાત્પર્ય પણ એ જ છે કે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતાં આ તત્ત્વોમાં એ સર્વેના આત્મા એવા જે પુરુષોત્તમ નારાયણનો અનુપ્રવેશ છે. શ્રીજીમહારાજ આ હકીકતને વચ.પ્ર.૬૩માં સમજાવતાં કહે છે, ''એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષર રૂપે થાય છે. અને પછી મૂળ પ્રકૃતિપુરુષ રૂપે થાય છે અને પછી પ્રધાનપુરુષ રૂપે થાય છે, અને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીસ તત્ત્વો તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે, અને પછી તે તત્ત્વે કરીને સરજાણા જે વિરાટપુરુષ તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે. અને પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે.'' ઉપરોક્ત સંદર્ભનું તાત્પર્ય એવું છે કે વસ્તુતઃ તો જડ પ્રવૃત્તિ જ જે તે થાય છે, પરંતુ તે પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યરૂપ સર્વે તત્ત્વોના શરીરી પુરુષોત્તમ નારાયણનો અન્વયપણે તેમાં પ્રવેશ હોવાથી પુરુષોત્તમ નારાયણ જે તે તત્ત્વ રૂપે થાય છે તેમ કહી શકાય. વસ્તુતઃ પરબ્રહ્મ સ્વરૂપતઃ જડ તત્ત્વ રૂપે થતા નથી. જેમ કરોળિયો સ્વરૂપતઃ વિકારને પામ્યા વગર પોતાના શરીરમાંથી તંતુજાળ રચે છે, તેમજ પરબ્રહ્મ પણ સ્વરૂપતઃ વિકારને પામ્યા વગર પોતાની શરીરભૂત પ્રકૃતિમાંથી આ સ્થૂળ જગત બનાવે છે. આમ, પરબ્રહ્મની શરીરભૂત પ્રકૃતિનું જ સૂક્ષ્મમાંથી સ્થૂળ રૂપાતંર થાય છે. પ્રકૃતિના આ પ્રકારના પરિણમન કે રૂપાંતરને લીધે પ્રકૃતિ અને જગતના આત્માપણે વિરાજતા પરબ્રહ્મના સ્વરૂપમાં કોઈ પ્રકારનું પરિવર્તન કે પરિણમન થતું નથી. પ્રકૃતિ કે જગતનો કોઈ વિકાર તેના શરીરી એવા પરબ્રહ્મને સ્પર્શતો નથી. આમ, પરબ્રહ્મને જગતનું ઉપાદાન કારણ જે કહેવામાં આવે છે, તે તેમનાથી અપૃથક્સિદ્ધ અને તેમની શરીરભૂત પ્રકૃતિને લીધે કહેવામાં આવે છે. જગતના સર્જનમાં નિમિત્ત અને ઉપાદાન કારણની દૃષ્ટિએ વિચારીએ તો બંને પરબ્રહ્મ જ છે. પરબ્રહ્મ જ પોતાનાથી અપૃથક્ અને શરીરભૂત પ્રકૃતિની અંદર-બહાર વ્યાપીને તેના આત્મા બનીને સ્વસંકલ્પમાત્રથી જ પ્રકૃતિને જગત રૂપે પરિણમિત કરે છે. એટલે કે પોતાના અંગ(શરીર)ભૂત પ્રકૃતિમાંથી જગત બનાવે છે. (વચ.લો.૨) આ રીતે જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ પરબ્રહ્મ હોવાથી તેમને જગતના 'અભિન્નનિમિત્તોપાદાન કારણ' કહેવામાં આવે છે.

૨. **શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું સંત દ્વારા (૮૨-૮૫)** ભગવાન સ્વામિનારાયણ સં.૧૮૮૬, જેઠ સુદ ૧૦ના રોજ પૃથ્વી પરથી અંતર્ધાન થઈને સ્વધામ પધાર્યા. ત્યાર બાદ પ્રગટ કે પ્રત્યક્ષ ભગવાન એટલે કોણ ? કોના દ્વારા પરબ્રહ્મનું પ્રગટપણું સમજવું ? જો એમના અંતર્ધાન થયા પછી તેઓ પૃથ્વી પર અન્ય સ્વરૂપે પ્રગટ ન રહે, તો આત્યંતિક કલ્યાણ માટે એમણે પ્રત્યક્ષ ભગવાનની જે અનિવાર્યતા સમજાવી છે તે નિરર્થક ઠરે. તેથી પૃથ્વી પર ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ સદૈવ રહેવું જોઈએ એ નિશ્ચિત સિદ્ધાંત ઠરે છે. તો પછી ભગવાન જ્યારે સ્વયં પ્રગટ ન હોય ત્યારે તેઓ કોના દ્વારા પ્રગટ રહે છે ? વચનામૃતનો સંપૂર્ણ અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે ભગવાન સંત દ્વારા પ્રગટ રહે છે. શ્રીજીમહારાજ કહે છે : વર. ૧૯ : ''આ જીવને જ્યારે ભરતખંડને વિશે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'' વર. ૧૦ : ''ભગવાન જ્યારે પૃથ્વીને વિશે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' ઉપરોક્ત બે સંદર્ભો પરથી ખ્યાલ આવે છે કે ભગવાન જ્યારે સ્વયં પ્રત્યક્ષ ન હોય ત્યારે સંત દ્વારા પ્રત્યક્ષ રહે છે. આ જ અનુસંધાનમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ? પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું ! ને તેમજ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહિ ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય, ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તાર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.'' (સ્વા.વા.૫/૩૯૫) ભગવાન સ્વામિનારાયણ સ્વયં પણ સંત દ્વારા જ ભગવાનના પ્રત્યક્ષપણાની વાતો કરે છે, **પ્ર. ૨૭ :** ''એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુકત જે ભક્ત તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે, ને અનંત જીવના ઉદ્ધારને કરે છે....એ સમર્થ તો કેવા જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિશે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'' સા. ૧૦ : ''એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.'' અં. ૩૫ : ''આવે છ લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે એમ જાણવું.'' ભગવાન સ્વામિનારાયણનાં અનેકાનેક ઉપદેશ-વચનોમાંથી ઉપરોક્ત કેટલાક સંદર્ભો પરથી ખ્યાલ આવે છે કે ભગવાનનું પ્રગટપણું સંત દ્વારા જ છે. એમણે સંત દ્વારા પોતે સાક્ષાત્ પ્રગટ છે એવી જે વાતો કરેલી, તે સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશમાં નીચે પ્રમાણે નોંધી છે :

સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે.
સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે;
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત રે.
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સુતા પછી હું સોઉં રે,
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે.
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે;
સંત દુ:ખાણે હું દુ:ખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે. (પુરુષોત્તમપ્રકાશ-૪૧)

જે સંત દ્વારા શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ છે. એવા સંતનો મહિમા વર્ણવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ‘‘મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે. ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીથી મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા એ મોટા છે. એના વિના ભગવાનને ચાલતું નથી, એના દર્શને પંચમહાપાપ બળી જાય છે, એની ઇન્દ્રિયોની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે. જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો, તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા. એ અન્નદાતા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી. ભગવાન એના ભેળા રહ્યા છે, અવિનાશી ધામને પમાડે છે. કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે. સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે. ‘કામિલ, કાબિલ સબ હુન્નર તેરે હાથ’ એવા છે. આ પ્રકારે મહિમા સમજવો કહ્યો છે.’’ (સ્વા.વા. ૪/૧૪૩)

**વિભાગ : ૨ ‘બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત’ વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. સેવામૂર્તિ ભગતજી મહારાજ : મન, કર્મ, વચને સેવામાં ટૂક ટૂક (૧) કર્મે કરીને દેહે કરીને સેવા.**

| | | |
|---|---|---|
| ૧. | ચંદની સીવવાની સેવા | ૪૪ |
| ૨. | નવી હવેલીના કામમાં જોડાઈ ગયા. (પાયાનું - રેતી ધોઈને નાખવાની - ચૂનો કરવાની) | ૪૭-૪૮ |
| ૩. | ચૂનાની ભઠ્ઠી. (કાઢવાની ક્રિયા) | ૫૦-૫૨ |
| ૪. | વરસાદ પડ્યો ત્યારે ચાદરો બાંધી ચોફાળ બનાવી સ્વામીને બેસાડ્યા. | ૫૪-૫૫ |
| ૫. | રાત્રે લઘુ કરવાં - ફાળિયું ફાડીને મશાલ વીંટીને દીવો - મારી સેવાને અર્થે અજવાળું. | ૫૭ |
| ૬. | મરેલું કૂતરું ઊપાડ્યું. | ૫૯ |
| ૭. | આંબાને પાણી પાયું. | ૬૨-૬૬ |

**(૨) વચને કરીને સેવા**

| | | |
|---|---|---|
| ૧. | ગુરુનો મહિમા - સ્વામી અક્ષર છે તે વાતનું પ્રતિપાદન. | ૩૨-૩૩ |
| ૨. | વરતાલમાં તથા જૂનાગઢમાં મૂર્તિઓ માટે વાઘા સીવવાની સેવા. | ૪૧ |
| ૩. | સ્વામીની આજ્ઞાથી બે ઉપવાસ એક દિવસ જમવાનું. | ૫૦ |
| ૪. | વાળંદનો કસબ. | ૫૬ |

**(૩) મને કરીને સેવા**

| | | |
|---|---|---|
| ૧. | દરેકમાં નિર્દોષ બુદ્ધિ. બાર મણ ચૂનાના કોથળાં ફેંકાય છતાં કોઈ ફરિયાદ નહિ. | ૪૮ |
| ૨. | માન અપમાન વેઠી મહિમાએ સહિત નિષ્કામ ભાવે સેવા. | ૫૧ |
| ૩. | ગાંગડાની પ્રસાદી મળી છતાં નિર્દોષ બુદ્ધિ એ મનની સેવા. | ૭૬ |

**૨. ભગતજી મહારાજે બતાવેલું ઐશ્વર્ય**

૧. ભગતજી બે કાંઠામાં શેત્રુંજી નદી પાર ઉતારે છે. ૫૪૨
૨. સર્પ તથા હડકાયું કૂતરું કરડ્યું. ૫૪૩
૩. મૂંગા બ્રાહ્મણ પાસે વેદ બોલાવ્યા. ૫૪૪
૪. મહુવાના રણછોડ ભક્તને નિરાવરણ સ્થિતિ કરાવી. ૫૪૫
૫. કાનજી દરજીને હાર આપી મૂર્તિ આપી. ૫૪૬
૬. સીતાબાને પુત્રનાં દર્શન કરાવ્યા. ૫૪૭
૭. ભગતજી વીસ જણને એક ક્ષણમાં ઘેલા નદીએ પહોંચાડે છે. ૫૪૭-૫૪૮
૮. મરકીનો રોગ મટાડ્યો. ૫૪૯
૯. અહીં મરે તે ઠીક નહિ. ૫૪૯
૧૦. નરસિંહભાઈને હમણાં તેડી ન જશો. ૫૫૦
૧૧. મોતીભાઈને વા મટ્યો. ૫૫૦
૧૨. ભગતજીના નેત્રમાં મહારાજનાં દર્શન. ૫૫૦
૧૩. ભાઈજીભાઈનો સંકલ્પ પૂરો કર્યો. ૫૫૧
૧૪. અન્નકૂટના સમૈયે હજારોને દર્શન. ૫૫૧-૫૫૨

**૩. ભગતજી મહારાજનું શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પ્રત્યે હેત અને પક્ષપાત ('માનખંડન'થી 'હું તો ભગવાનનો ટંડેલ છું' સુધીના જ પ્રસંગો)**

૧. ભગતજીના યોગમાં શાસ્ત્રીજી મહારાજ - જ્ઞાનીને તો અનંત લોચન હોય છે. ૧૯૧
૨. એ તો મારો કોડિલો લાલ છે. ૧૯૬-૧૯૭
૩. ચરણારવિંદના પાડનાર શ્રીજી મહારાજ હું તેને આપીશ. ૧૯૭-૧૯૮
૪. 'આ સાધુ બહુ જ ચમત્કારી છે અને શાસ્ત્રવિદ્યા ભણશે તો હજારોનાં મન ખેંચી લેશે.' - 'હું એમને બ્રહ્મવિદ્યા ભણાવીશ. ' - યજ્ઞપુરુષદાસજીને ભણવાની આજ્ઞા. ૨૦૪
૫. 'એણે રોગ માગી લીધો છે, પણ હવે તમે કહો છો તેથી મટી જશે.' ભગતજી વૈદ્ય વિશ્વનાથને ૨૦૫
૬. ઓ ત્તારો ભલો થાય યજ્ઞપુરુષદાસ - ચાણસદમાં હાર અને તુંબડીની ભેટ મોકલી ત્યારે. ૨૦૬-૨૦૭
૭. 'એની તો થોડી અવસ્થા છે માટે બીજા મોટાને ઠપકો દઈશ.' - યજ્ઞપુરુષદાસજીને મંદવાડ ભગતજીએ તેમને આસને જઈને હાથ ફેરવી સૌની માફી માગવાની કરેલી આજ્ઞા એ તો કાપ્યું વ્યાજ ચૂકવે એવો છે. ૨૩૪-૨૩૬
૮. ભગવાન તો પોતાના ભક્તની સમીપમાં હંમેશા રહે છે. ૨૪૫
૯. 'આ તો અમારા દેશમાં નવીન ચીજ છે. અમારા દેશમાં આ ન મળે. માટે તમે તો અમને હજારો ને લાખો રૂપિયા આપ્યા' - અલ્પ ભેટને મહત્ત ગણી રાજીપો બતાવ્યો - રાયણ કોકડીની ભેટ ૨૫૫
૧૦. ભગતજીનું ગુણાષ્ટક - બુદ્ધિમતા અને ગુરુભક્તિથી રાજી થયા ૨૫૯-૨૬૦

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભગતજી મહારાજને ભજનનો ઈશક**

૧. માલણ નદીએ સાગરિતોને **'હું તો બધું ભણેલો છું.'** ૫
૨. ભૂલા બાવાના સંગે હનુમાનજીનો મહિમા. ૫
૩. કોઈ સાધુના કહેવાથી રામનું ભજન, મહંત સૂર્યભારથીનો પ્રેમ-ભાવ રામકથાની શરૂઆત માટે બાળભક્ત પ્રાગજીની રાહ જોતા. ૫-૬
૪. મહુવા મંદિરમાં સ્વામીશ્રી યોગાનંદના યોગથી સંપ્રદાયમાં પ્રવેશ.- મંદિરમાં કથા સાંભળવી, સેવા કરવી ૭-૮
૫. માતાના સાળુનો પાલવ ફાડી વેચી જે રકમ આવી તેમાંથી સંતોને રસોઈ આપી. યોગાનંદ સ્વામીની આગાહી - **'મહાન પુરુષ થઈ હજારોને ભગવાન ભજાવશે.'** ૮

**૨. ભગતજીએ ભાદરોડમાં કરેલાં ચરિત્રો**

૧. દૂધપાક-રોટલી કરાવી સંતોને જમાડ્યા - 'સાધુ તો તપ અને નિયમથી શોભે' ભગતજીએ કરેલી વાતો - એક દિવસ ઉપવાસ અને એક દિવસ જમવાનો આપેલો નિયમ - ૨૭૦

૨. હવે બીજો અવતાર હોય ? તમો જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે, એવો તમારો મોટો મહિમા છે - પરોક્ષ ભજનથી ઇન્દ્રિયો-અંતઃકરણનાં આવરણ ભેદાતાં નથી. ૨૭૦-૨૭૧

૩. આજે તો સૌ છાણાં વીણવા જાઓ અને ચાર-પાંચ મણ ભાર ઊંચકી શકે એવા હોય તે જાઓ - યજ્ઞપુરુષદાસજી કહે : ''હું તો છાણાં વીણીને ભેગાં કરી આપું, પણ પાંચ મણ ભાર મારાથી ઊંચકાય નહિ.'' - મારે તો કોઈનેય મોકલવા નથી, પણ આ તો પરીક્ષા કરી જોઈ - આ દાળ રાંધજો. આપનારે તો પોતાના કલ્યાણ સારું આપી - કેવળ લક્ષ્ય રાખીને, બ્રહ્મસ્થિતિને માર્ગે લઈ, અખંડ મહારાજની મૂર્તિનું સુખ આપવાનું જ તાન તેમને હતું. ૨૭૧-૨૭૨

૪. 'ઓહો ! આવડો મોટો કાંટો વાગ્યો !' - 'હવે એને કોઈ ક્રિયા બતાવવી નહિ. એમને વરજી મેલવા' ૨૭૨

૫. પારણાંમાં ખીર-રોટલી જમાડે - ઉપવાસને દિવસે ચાર વાગે ઊઠાડી નાહવા મોકલે, માળા ફેરવાવે, પૂજા કરાવે પછી ઝોળી માગવા મોકલે - ઝોળી તપાસે ૨૭૪

૫. 'હે બેચર ભગત ! હે મહાપુરુષદાસ ! એમ કહી સૌને જગાડે. ૨૭૭

૬. બાજરાના દસ રોટલા અને અધમણ દૂધ મેળવી દહીં કરાવી સંતોને જમાડી આનંદ કરાવ્યો - 'આ પુરુષોત્તમદાસ ભૂખાળવો છે.- મારી આજ્ઞા કેમ લોપી ? - હું શું ન આપત ?' ૨૭૮

૭. 'કોઈને ખાટી ન લાગી અને તમને કેમ લાગી ? - તમે કપટ કર્યું માટે બીજા બે લો. - ભૂખ્યા લાગો છો ?' - અર્ધો વધુ ખાઓ' - રોટલા અને શાકોત્સવ ૨૮૦

૮. ચંદન ચર્ચિત શરીરથી સૌને દર્શન દઈને મળ્યા - અલૌકિક સુખની લહાણ ૨૮૧

૯. ભગતજી મહારાજે પોતાના સંતોને સૌ સૌનાં અંગનાં વચનામૃત વંચાવીને પછી ઉપદેશ આપ્યો. ૨૮૨

૧૦. સૂર્યભારથીના અંતરની વાતો કહી દીધી - ગુણ આવ્યો - સત્સંગી થયો ૨૮૩

૧૧. 'તમારે શું દુઃખ હતું તે ભાગ્યા ?' ગુજરાત જવા નીકળેલા બેચર ભગતને - સંતોને કરાવેલો આનંદ. ૨૮૮

૧૨. 'સૌ સાધુ જમે તો હું જમું.' - દૂધપાક અને પૂરણપોળીની રસોઈ ૨૮૯

૧૩. આ પુરુષોત્તમદાસ બ્રહ્મર્ષિ છે - તમને સર્વે રાજી કરવા છે. અને હું તમારા બંધનમાં છું કહી વિદાયનું દુઃખ હળવું કર્યું. ૨૯૦

**૩. ગુણાતીતાનંદ સ્વામીનો ભગતજી મહારાજ પ્રત્યે અપાર રાજીપો**

૧. આ પ્રાગજીને મોટા મોટા મનસૂબા છે. તેને ભારે ભારે કામ કરવાના છે. માટે એને આ જ્ઞાન લેવા દ્યો. ૩૧

૨. બાપડો રાત-દિવસ સેવા કરે છે અને તેને બીજા હરિભક્તો સાથે ગણો છો ? એ આવશે પછી જ હું પીરસીશ. - બોટાદમાં શિવલાલભાઈને ત્યાં. ૩૨

૩. પ્રાગજી ! હું તારા પર બહુ જ રાજી છું. તું જે માગે તે આપું. ૪૫

૪. ભગતજીએ માંગેલ ત્રણ વરથી સ્વામી ખૂબ રાજી. ૪૬-૪૭

૫. સ્વામીએ રાજી થઈને ભગતજીને શ્રીજીમહારાજના અભિપ્રાય વચનામૃતમાં હતા તે કૃપા કરીને શીખવ્યાં - યોગકળાની યુક્તિઓ શીખવી. ૫૦

૬. ભઠ્ઠી કાઢવા માટે ૬ દિવસની મહેનત પછી સ્વામીએ અપાર રાજી થઈને બે-ત્રણ વખત મળ્યા - માથા પર હાથ મૂકીને અંતરનો રાજીપો બતાવ્યો. ૫૨

૭. વાળંદની ક્રિયાથી અપાર રાજીપો - નિત્ય પ્રસાદી મંદિરમાંથી આપવાનો બંદોબસ્ત. ૫૬

૮. સ્વામી નિરાંતે કથાવાર્તા કરી શકે તે માટે સ્વામીની ક્રિયા પ્રાગજી ભક્તે સંભાળીને સ્વામીનો રાજીપો મેળવ્યો. ૫૭

૯. 'સૌ ગૃહસ્થ હંમેશા જીવતાં ચામડાં ચૂંથે છે, તો એણે મોટા સાધુની મરજીથી એ કાઢી નાખ્યું તેમાં શું ખોટું કર્યું ?' - મરેલા કૂતરાને ખસેડ્યું ૫૯

૧૦. સ્વામીના ચરણમાં અડસઠ તીરથ છે તે રહસ્ય સમજીને એંઠવાડની કુંડીમાં પ્રાગજી ભક્ત નાહ્યા - સ્વામી અપાર રાજી. ૬૦

૧૧. 'હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ.' - માના ભગતને ૬૫

૧૨. એણે મારી મરજી જાણી આટલી સેવા કરી તે તમે ના સમજ્યા ? (આંબાને પાણી પાયું તે પ્રસંગ) ૬૬
૧૩. કેમ પારસો ન આવે ? મારી અનુવૃત્તિ અને રાજીપા સારુ એણે દેહને ગણ્યું નથી.- સાધુના કસબનો પ્રસંગ. ૭૧
૧૪. અતિ રાજીપાની પ્રસાદી. (ગોંગડાની પ્રસાદી) ૭૬
૧૫. અતિશય રાજી થઈને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવ્યો. ૭૯-૮૨
૧૬. પ્રાગજીને ગુરુપદે સ્થાપીને પ્રાયશ્ચિત આપવાની આજ્ઞા - આમાં સ્વામીનો અપાર રાજીપો. ૮૩
૧૭. સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કરવાની આજ્ઞા - અમે ઘણા રાજી થઈશું. ૮૪
૧૮. 'આ કાંઈ થોંટબોટિયું નથી કે એમ લઈ લેવાય. આ તો પાતાળે પાયા નાખ્યા છે.' ૮૮-૮૯
૧૯. એ પ્રાગજીએ મારી મન, કર્મ, વચને સેવા કરી અને દેહને ન ગણ્યું તેથી હું રાજી - તેથી ઐશ્વર્ય આપ્યું છે - ગુણાતીતાનંદ સ્વામી. ૮૯
૨૦. 'તું મારો શિષ્ય છે છતાં મારી મોટપ તને કેમ રુચતી નથી ?' - ત્રિકમદાસ કોઠારીને સ્વામીશ્રી. ૯૭-૯૮
૨૧. 'આ પ્રાગજી તમારી માફી માગે છે.' - સ્વામીશ્રી પવિત્રાનંદ સ્વામીને. ૧૦૪
પવિત્રાનંદ સ્વામીને અક્ષરના મહિમાની વાત કરી સ્વામીનો અનેકગણો રાજીપો. ૧૦૪
૨૨. 'મારા દેખતાં તારું અપમાન થાય તે મારાથી ખમાય નહિ.'- સ્વામીશ્રી. (કૃષ્ણપ્રસાદજી મહારાજ દેહ મૂકી ગયા.)૧૧૮
૨૩. 'આમાં પ્રાગજીનો કાંઈ વાંક નથી. તેને હું ના કહીશ એટલે આળસી જશે.' આચાર્ય મહારાજ, કોઠારી ગોરધનભાઈ, પવિત્રાનંદ સ્વામી અને શુકમુનિને સ્વામીશ્રી. (વરતાલમાં સ્વામીના અપમાન પ્રસંગે) ૧૨૬
૨૪. 'આને લોકો વિમુખ કહે છે, પણ એને વિમુખ કહેનારા જ વિમુખ છે.' સ્વામીશ્રી અમદાવાદમાં. ૧૪૬
૨૫. આણે કેનો બાપ માર્યો છે ? ૧૫૩-૧૫૪

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **અક્ષરધામ સામે દૃષ્ટિ (૧૯-૨૦) પ્રસંગ :** સંવત ૧૯૦૮ના વૈશાખ માસમાં ગોપાળાનંદ સ્વામી ઉમરેઠથી ઉદાસ થઈને વરતાલ પધાર્યા. ગળે રતવાની ફોડલી થઈ. યોગબળથી દૈનિક ક્રિયા કરી ઉપશમમાં જતા રહેતા. પૂનમના સમૈયે આવેલા વડોદરાના હરિભક્તો બાપુ રાઈજી તથા પ્રેમાનંદ વગેરેએ સ્વામીની રજા લેતાં પ્રાર્થના કરી. બાપુ રાઈજીએ કહ્યું : 'સ્વામી ! અમારા વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.' ત્યારે સ્વામીએ કહ્યું : 'હવે વડોદરા સામે દૃષ્ટિ હોય ? હવે તો અક્ષરધામમાં મહારાજ સામે દૃષ્ટિ જોઈએ, કાં જૂનાગઢ જ્યાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે તેમના સામું દૃષ્ટિ જોઈએ.' બાપુ રાઈજી આ વાતનો મર્મ સમજ્યા નહિ પણ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત અને શિવલાલભાઈ ત્રણેયે મળીને સ્વામીને એકાંતમાં પ્રશ્ન પૂછ્યો સ્વામી ! આપે કહ્યું કે 'અક્ષરધામમાં મહારાજ સામી દૃષ્ટિ હોય' તે તો સમજાયું. 'તમે જૂનાગઢના જોગી સામી દૃષ્ટિ રાખવાનું કહ્યું તે સમજાયું નહિ.' ત્યારે સ્વામીએ કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી - જૂનાગઢના જોગી - તો મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. મહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી.' શિવલાલ શેઠને કહ્યું : 'જો તમારે વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો.' **મનન :** અંત સમયે ભગવાન કે ભગવાનના ધારક એવા એકાંતિક સંતમાં જ વૃત્તિ રાખવી.

૨. **ભગવાનને ભૂલીને વાસણ શું ઊટકે છે ? (૬૪) પ્રસંગ :** કારિયાણી નથુ પટેલના આગ્રહ વશ કંસાર-રોટલીની રસોઈ કરીને સંતોને જમાડ્યા - ભગતજી અને પાળાઓ વાસણની સેવામાં - સ્વામીશ્રી સભામાં - ચોંટી ગયેલા કંસારને ઊખેડતા ભગતજીની અખંડ સ્વામીમાં રહેતી વૃત્તિ તૂટી - અંતર્યામીપણે સ્વામીશ્રી આ જાણીને ભગતજીની પાસે - સ્વામીશ્રી : 'અલ્યા ! ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ?' - ભગતજીએ તરત જ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી. **મનન :** ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. એટલે કે દરેક ક્રિયામાં ભગવાનને મુખ્ય રાખવા.

૩. **આ લોક જ દુઃખદાયી છે. (૧૩૫-૧૩૭) પ્રસંગ :** ગુણાતીતાનંદ સ્વામીએ છાપરી ગામે એકાંતમાં મહારાજે મુક્તાનંદ સ્વામીને દેહ મૂકતાં પહેલાં કરેલી વાત જાગાસ્વામીને કહી : 'આ લોક જ ઉપાધિમય અને દુઃખરૂપ છે. અનેક જાતની ઉપાધિઓએ મોટા મોટાને પણ સુખ આવવા દીધું નથી. તે ઉપર વિસ્તારથી શ્રીકૃષ્ણના જન્મથી મૃત્યુ

સુધીના પ્રસંગો કહી કહ્યું એમ આ લોક જ દુઃખરૂપ છે તે ભગવાનને પણ આવાં દુઃખ આવ્યા.' - 'શ્રીજીમહારાજને પણ અસુરો તરફથી દુઃખ આવ્યા અને તે સહન કર્યું. ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા અને પાણીના ઘડામાં ઝેર નાખ્યું. મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને ઝેર દીધું. એમ અનેક રીતે મોટા મોટાને માથે આ લોકમાં ઉપાધિઓ આવી છે. અનેક પ્રકારે માયાનું જોર જે પૃથ્વીના જીવોમાં ભરાઈને બેઠું છે તે આળસતું નથી.' - 'તમને જે કાંઈ દુઃખ આવે છે, તે મારા છો એમ જાણીને સૌ દુઃખ આપે છે અને કહે છે, પણ જો મારા મટી જાવ તો પછી કોઈ તમને કંઈ કહેશે નહિ.' ત્યારે જાગા ભક્તે કહ્યું : સ્વામી ! તમારા તો એક શ્રીજીમહારાજ છે, અને હું તમારો નથી, છતાં તમે મને દયાએ કરીને પોતાનો માન્યો છે, તો પોતાનો રાખીને નિભાવજો.' ત્યારે રાજી થતાં સ્વામીએ કહ્યું : 'તમે તો મારા કદી મટવાના જ નથી, પણ નિત્ય ઊઠીને તમને બોલે છે તે મારાથી ખમાતું નથી. માટે જૂનાગઢ જાઓ તો સારું. ત્યારે જાગા ભક્તે કહ્યું : 'ભલે મને જે કહેવું હોય તે કહે, તેમાં મને દુઃખ નથી. કારણ કે આ લોક જ દુઃખરૂપ છે. વળી મેં કેટલુંક દુઃખ મારા પંડને માથે, કેટલુંક દેહને માથે, કેટલુંક ગુણને માથે નાખ્યું છે. માટે મને જરાયે દુઃખ નથી. માટે તમે કહો તો ભેગો આવું અને કહો તો જૂનાગઢ જાઉં.'- 'તમે તમારા સેવકોને આ સમજાવ્યું છે ?'- હા મહારાજ - 'ભલે ત્યારે ભેગા ચાલ્યા આવો.' **મનન :** ભગવાન ભજવા નીકળો ત્યારે અને સત્પુરુષ સાથે જીવ જોડો ત્યારે દુઃખ આવવાનું જ છે. જેને પ્રગતિ કરવી છે. તેને દુઃખનો સામનો કરવો જ પડે. માટે આપણે પણ ગમે તેવી ઉપાધિ આવે તો પણ આપણા ધ્યેયમાંથી ચલિત થવાનું નહિ. અંતે આપણો વિજય છે.

૪. **હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજું છું. (૪૫૧-૪૫૨) પ્રસંગ :** ગઢપુરમાં ભગતજી માના ભગતને આસને ગયા. માના ભગતે વાતો કરવાનું કહ્યું ત્યારે ભગતજીએ કહ્યું : 'હું તો વાતો સાંભળવા આવ્યો છું.' ત્યારે તેમણે કહ્યું : 'થોડા દિવસ જીવવું અને આ લોકમાં તમારા બાબુલા શિષ્યોમાં બંધાશો નહિ. વળી, જેટલા શિષ્યો કર્યા છે, તેટલાને ધામમાં લઈ જવા પડશે.' ત્યારે ભગતજીએ કહ્યું : 'હું તો બધા હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજું છું. બાબુલા કહેવાય જ કેમ ? બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય અને આવા ભગવદી ભેળું તો સ્વામિનારાયણ રાખે તો અનંત જન્મ સુધી રહી અખંડ કથાવાર્તાથી ભગવાનના સુખમાં ગરકાવ છીએ. હું તો ભજનના સુખે સુખિયો છું. ભગવાનનમાં આસક્ત છું, મારે અને મહારાજને અણુમાત્ર છેટું નથી. મહારાજના આવા સુખથી જે મારો સંગ કરે છે તેને પણ સુખિયો કરી દઉં છું. પણ ધ્યાન શીખવા તો તમારા પાસે આવવું છે. પછી શિષ્યોને કહ્યું : 'આજથી કોઈ મહુવે આવશો નહિ. ગઢડે સૌ આવજો અને હું પણ સમૈયે આવીશ. આ તો બહુ મોટું તીર્થ ગણાય, સાક્ષાત્ મહારાજના સંબંધવાળું છે. માટે હવેથી હું અહીં આવીશ. જે મહુવે આવશે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે.' તે સાંભળી સાધુ, બ્રહ્મચારી રાજી થઈ બોલ્યા : 'આવા તો આ એક જ પુરુષ ! આપણે એમનો અવગુણ લેવો નહિ. એમનો અવગુણ લેવો એ અગ્નિમાં હાથ નાખવા જેવું છે.' શિવશંકર પુરાણીએ કહ્યું : 'તમો અહીં ન આવ્યા હોત તો મારે તમારાં દર્શને મહુવા આવવું હતું. માટે આવ્યા તે ઘણું સારું થયું. તો હવે સમૈયે અહીં આવતા રહેજો.' **મનન :** 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' જે હરિભક્તોને માના ભગત બાબુલા સમજતા હતા. તે જ હરિભક્તોને ભગતજી બ્રહ્મની મૂર્તિ સમજતા હતા. તેના ઉપર આપણે વિચાર કરવો કે કોનો સંગ કરવો જોઈએ. ઉચ્ચ વિચારવાળાનો સંગ કરવાથી આપણી સ્થિતિ પણ તેમના જેવી ઉચ્ચ થાય છે.

૫. **સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે. (૯૯) પ્રસંગ :** વંથળી જતાં સ્વામીશ્રી ગાડીમાં બેઠા હતા. મોટા મોટા હરિભક્તોને ભગતજીની કેવી અલૌકિક સ્થિતિ અને દૃષ્ટિ છે. તે બતાવવા સાથે ચાલતા પાર્ષદને કહ્યુંઃ 'પેલો પ્રાગજી થાકી ગયો હશે, માટે એને બોલાવો. ગાડીમાં બેસારીએ.' પાર્ષદે ભગતજીને સમાચાર આપતાં ભગતજી પાસે આવીને બોલ્યા : 'એમની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે, તે મારાથી પાસે અવાતું નથી.' ત્યારે સ્વામીએ કહ્યું : 'એને તો નિરંતર એમ જ દેખાયા કરે છે.' **મનન :** જ્યારે મોટા પુરુષ પ્રસંગ ઊભો કરે ત્યારે જ એકાંતિક સંતની સ્થિતિની જાણ થાય. તેમની કૃપા વગર આપણને તે ઓળખાતા નથી. અહીં સ્વામીશ્રીએ પોતાના વારસદારને પણ ઓળખાવ્યા છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

### ૧. ગિરધરભાઈ

૧. સંવત ૧૯૨૮માં ભગતજી વરતાલમાં - ગિરધરભાઈને ભગતજીનો યોગ. ૧૬૩

૨. બ્રહ્મસ્થિતિવાળા સદ્‌ગુરુ મળે તો તેમની પાસે રહી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા - પોતે ઉત્તમ મુમુક્ષુ. ૧૬૪

૩. આવા સદ્‌ગુરુની શોધમાં જુદા જુદા દેશમાં વિચરણ - જુદા જુદા સદ્‌ગુરુ પાસે રહ્યા પણ શાંતિ ન થઈ - પાછા વરતાલમાં. ૧૬૪

૪. છેવટે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવાની શરૂઆત. ૧૬૪-૧૬૫

૫. મહારાજનાં દર્શન - સ્તુતિ કરી - 'બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવે તેવા સત્પુરુષ પ્રાગજી ભક્ત છે. તેમને સેવવાની આજ્ઞા કરી. મહારાજ અંતર્ધાન. ૧૬૫

૬. ગિરધરભાઈને આશ્ચર્ય - પ્રતિતી ન આવી - વિશ્વાસ ન આવ્યો - સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. - ફરીથી તેવું જ તપ. ફરીથી મહારાજના દર્શન - વર્ણનું માન મૂકીને તેમને સેવવાની આજ્ઞા. ૧૬૫

૭. ભગતજીના યોગમાં - પ્ર. ૨૭ પ્રમાણે નિરૂપણ - ગિરધરભાઈને પરિપૂર્ણ નિષ્ઠા - અખંડ ભગતજીનો સમાગમ - પરિપૂર્ણ નિષ્ઠા - દિક્ષા અપાવી સાધુ કર્યા - વિજ્ઞાનદાસજી નામ ધારણ કર્યું. - બ્રહ્મ સ્થિતિ પ્રાપ્ત કરવા ભગતજીની આજ્ઞામાં જોડાઈ ગયા. ૧૬૬-૧૭૦

**વ્યક્તિત્વ :** પોતે મુમુક્ષુ હોવાથી શ્રીજીમહારાજે વચનામૃતમાં કહેલા એવા પુરુષની શોધમાં નીકળ્યા. તેવા પુરુષ ન મળતાં મહારાજને જ શરણે ગયા. મહારાજે જ્યારે ઓળખાણ આપી ત્યારે મન-કર્મ-વચને તેમાં જોડાઈ ગયા.

### ૨. ધર્મતનયદાસ શાસ્ત્રી (ગોંડલ)

૧. 'આ ધર્મતનયદાસને ગરાસના સંકલ્પ થાય છે' - ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી સ્વભાવ પર વાત. ૧૫૩

૨. ગઢડામાં લાજ મૂકીને ભગતજીના શિષ્ય થયા. ૧૯૬

૩. 'એ તો એમના જેવી સ્થિતિ કરાવ્યા વિના દેહ મૂકવાના નથી.' તેથી તે વાત તમે ફિકર રાખશો નહીં.'- આચાર્ય મહારાજને આપેલો જવાબ. ૨૯૩

૪. મહુવામાં ચૌટા વચ્ચે જ ભગતજીને દંડવત્ કર્યા. ૨૯૯

૫. મહુવા મંદિરમાંથી સર્વે સંતોએ ધર્મતનયદાસને રજા અપાવી - 'જ્યાંથી આવ્યા છો ત્યાં જાઓ ભેગા ભગવાન છે.' - ભગતજી. ૨૯૯

૬. 'ત્યાગીને તો કોઠારીની આજ્ઞા વિના અહીં આવવું જ નહિ.' - ભગતજીના દર્શને નડિયાદ ગયેલા ત્યારે ત્યાંથી વિદાય કર્યા. ૩૨૪

૭. 'તપ, નિશ્ચય, વર્તનમાં ભગતજીની તોલે કોઈ ન આવે.' જૂનાગઢમાં - ધર્મતનયદાસજીએ ભગતજીને કરેલી વાત. ૫૧૨

૮. ગોંડલમાં 'સત્પુરુષમાં જોડાવવાની કરેલી વાતો.' ૫૨૬

**વ્યક્તિત્વ :** સ્પષ્ટવક્તા - ત્યાગી હોવા છતાં ભગતજીના શિષ્ય થયા.- પોતાને જે સત્ય લાગે તે જ કરે. ભગતજી પ્રત્યે ખૂબ વિશ્વાસ - પ્રગટ સત્પુરુષની ઓળખાણ કરાવતા.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. નિરંજનાનંદ સ્વામીની વાત કરતાં પૂર્વે સ્વામી કઈ સાખી બોલ્યા ? (૩૪/૧૧૪)

જ. 'દેશ દેશાંત્તર બ્હોત ફિર્યા, મનુષ્યકા બ્હોત સુકાળ; જાકું દેખે છાતી ઠરે વાકા પડ્યા દુકાળ.'

૨. શેમાં ગુડિયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી ? (૪૫/૧૨૨)

જ. લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડીયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી.

૩. શ્રીજીમહારાજનાં ચરણારવિંદ કયારે પૃથ્વી પર આવ્યા ? (૪૬/૧૨૨)

જ. વૈરાટ બ્રહ્માએ તેના પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી ત્યારે શ્રીજીમહારાજના ચરણારવિંદ પૃથ્વી પર આવ્યા.

૪. જ્ઞાનીની દૃષ્ટિમાં શું નથી આવતું ? (૪૪/૧૨૧)

જ. જ્ઞાનીની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ નથી આવતું.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. ત્રણ દેહ જીતીને કેવી રીતે ધ્યાન કરવું ? (૪૩/૧૨૦)**

જ. ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું, ને ઘાટ-સંકલ્પ બંધ કરીને જે ધ્યાન કરવું એટલે સૂક્ષ્મ દેહ જિતાણું જાણવું. ને નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું. એવી રીતે ત્રણ દેહ જીતીને ધ્યાન કરવું.

**૨. મુમુક્ષુ જીવ હોય તે કેમ કરે તો બ્રહ્મરૂપ થાય છે તે સમુદ્રની છીપના દૃષ્ટાંતે સમજાવો. (૬૦/૧૩૧)**

જ. જેમ સમુદ્રમાં છીપ રહે છે પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી, તે તો જ્યારે સ્વાંતનાં બુંદ પડે છે, ત્યારે જે ઠેકીને ગ્રહણ કરે છે તે મોતી લાખ રૂપિયાનું થાય છે, ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરે છે તે તો અધલાખનું થાય છે; ને જે પડ્યું ગ્રહણ કરે છે તે તો ફટકિયું થાય છે, તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે.

**૩. શ્રીજીમહારાજ આજ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે ? (૫૫/૧૨૭-૧૨૮)**

જ. મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે. તે ઉપર કારિયાણીનું બારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે, એ હેતુ છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બે ના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.**
(કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **ભાલદેશનો બ્રાહ્મણ - ઝાંઝવાનાં જળ (૪૪/૧૨૧) દૃષ્ટાંત :** ભાલદેશમાં બ્રાહ્મણ ચાલ્યો જતો હતો તેને સામો રબારી મળ્યો. તેણે પૂછ્યું જે, 'મહારાજ, રાજી કેમ થયા છો ?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, 'રાજી ન થઈએ ? દસ ગાઉ ચાલ્યા આવ્યા છીએ ને જળ પાસે આવ્યાં છે, તે નહાશું-ધોશું ને ટીમણ કરશું.' ત્યારે તે રબારી બોલ્યો જે, ''હૈયું ફોડ્ય મા, જોડા પહેરીને ચાલ્યો આવું છું ને પાણી તો ઝાંઝવાના બળે છે ! ત્યારે તે બ્રાહ્મણના મનસૂબા સર્વે ખોટા થઈ ગયા. **સિદ્ધાંત :** કોઈ પણ વ્યક્તિને સાચું જ્ઞાન ન હોય ત્યાં સુધી ખોટી વસ્તુ પાછળ દોડે છે. પણ તેને કાંઈ પ્રાપ્ત થતું નથી. પણ જ્યારે તેને જ્ઞાન થઈ જાય છે. ત્યારે ખોટી દોડ મૂકી દે છે.

૨. **લાખમણ લોઢાની લોઢી (૪૮/૧૨૨-૧૨૩) દૃષ્ટાંત :** લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ, તો દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. **સિદ્ધાંત :** જેમ લાખ મણ લોઢાની ધગેલી લોઢી પર ચાર-પાંચ ઘડા જેટલું પાણી કાંઈ કામ આવતું નથી. તેમ પંચવિષયે કરીને ધગી ગયેલો જીવ એક-બે દિવસના સત્સંગે કરીને ટાઢો ન થાય. એ તો દસ-પંદર દિવસે તો પંચવિષયનો ફેર ઊતરે ત્યારે વાત જીવમાં બેસે, પછી ટાઢું થાય છે.

૩. **જીવ ત્રપંખડો મૂકે નહિ ત્યાં સુધી સુખિયો થાય નહિ. (૫૯/૧૩૦) દૃષ્ટાંત :** 'જેમ રેતીએ કરીને આ બાવળિયો સોરાઈ ગયો છે, પણ તે લાખ યોજનનો સમુદ્ર ભર્યો છે, તેના જળે કરીને લીલો પલ્લવ થાતો નથી, કેમ જે, રેતીએ કરીને સોરાઈ ગયો છે, તેમ જ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી. ને લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે, એમ

પ્રત્યક્ષ દેખાય છે. તેમ જ રૂડા ગુણ છે તે ત્રણ પ્રકારના કુસંગે કરીને તો નાશ થઈ જાય છે, પણ જીવ ત્રપંખડો મૂકે નહિ ત્યાં સુધી સુખિયો પણ થાય નહિ. **સિદ્ધાંત :** જેમ રેતીએ કરીને સોરાઈ ગયેલા બાવળિયાને ગમે તેટલું જળ સીંચો પણ તે લીલો પલ્લવ થયો નથી. તેમ વિષયે કરીને સોરાઈ ગયેલા જીવના રૂડા ગુણ પણ ત્રણ પ્રકારના કુસંગે કરીને નાશ પામે છે માટે જીવ જો 'દેહ અને દેહ સંબંધી પદાર્થનો 'ત્રપંખડા'નો ત્યાગ કરે તો જ જીવ સુખિયો થાય.

**પ્ર.૧૪નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણનો અને ૧ ગુણ સમજૂતિનો આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત બાળક શું સમજે ? (૩૭/૧૧૬)**
**પ્રમાણ :** બહુ મોટા હોય તેનો અભિપ્રાય નાનો હોય તે જાણે કે ન જાણે ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'શું ધૂડ્ય જાણે? અને જે પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે ? નથી જાણતો. તેમ મોટાનો અભિપ્રાય તો જણાય જ નહિ, એ સિદ્ધાંત વાત છે.' **સમજૂતિ :** નાના બાળકમાં જેમ મોટા વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનના સિદ્ધાંતને સમજવાની ક્ષમતા નથી. તેમ સ્વામીશ્રીનો અભિપ્રાય સમજવાની પણ કોઈની ક્ષમતા નથી. એ તો જે અક્ષરરૂપ થાય તે જ તેમનો અભિપ્રાય સમજી શકે.

**૨. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયે માનવું કે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. (૫૩/૧૨૬-૧૨૭)**
**પ્રમાણ :** આ સોરઠ દેશના હરિજન ઉપર મહારાજને બહુ હેત, તેને પોતાનું સુખ દેવા સારુ મહારાજે મુને રાખ્યો છે. તે શા સારું, તો પોતાનું સુખ દેવાણું નહિ, તેને પોતાનું સુખ દેવા સારું પોતાનું સર્વસ્વ હતું તે સાધુ-સત્સંગીને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે. **સમજૂતિ :** 'સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે, સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.' ભગવાનના એકાંતિક સંત અને ભગવાનમાં કોઈ જ ફેર નથી માટે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયે માનવું કે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને ભગવાનનું દર્શન થયું. (સા.૧૦ મુજબ)

**૩. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં આઠ પુરાણી રાખતા. (૫૬/૧૨૮-૧૨૯)**
**પ્રમાણ :** શ્રીજીમહારાજને ચાર પ્રશ્નો પૂછ્યાં તેમાં 'વાતુ જ અધિક છે' એમ કહ્યું તે દિવસથી મેં વાતુ કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી. **સમજૂતિ :** સ્વામીએ મહારાજને પૂછેલા ચાર પ્રશ્નોમાં પ્રથમના ત્રણ સાધનો તો મુમુક્ષુના પોતાના કલ્યાણ માટે છે. જ્યારે ચોથું સાધન ઉભય માટે કલ્યાણકારી છે. એટલે વાતો કરનાર અને સાંભળનાર બેયનું કલ્યાણ થાય છે. ત્યારથી સ્વામીએ નક્કી કરેલું કે ક્યારેય વાતોનો સોપો પડવા દેવો નહિ. તેથી જૂનાગઢ મંદિરના સભામંડપમાં અખંડ વાતો થતી રહે માટે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં આઠ પુરાણી રાખતા.

**૪. શોભારામ શાસ્ત્રી ખીજડા જેવા અને નાથ ભક્ત આંબા જેવા હતા. (૬૮/૧૩૫-૧૩૬)**
**પ્રમાણ :** ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે. બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં તો ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે. માટે ભગવાનના ભક્તને ઓળખીને સંગ કરવો. જેથી છેલ્લો જન્મ થઈ જાય ને એવા ન મળે તો બીજા તો અનંત જન્મ ઉત્પન્ન કરે એવા છે. **સમજૂતિ :** પ્રત્યક્ષ ભગવાનને ભજવાથી કોઈપણ તરી શકે છે. પ્રત્યક્ષ ભગવાનને કોઈપણ ભાવે ભજવાથી પણ તરી જવાય છે. પ્રગટ ઉપાસના સૌથી મોટી છે.

❑ ❑ ❑